PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/પર/કવા–૦૨/૧૮–૧૯/ 9085-2 તા. 29/9/18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ભગવાનજીભાઈ ડી. સીધવ,
ધોકીયા મોટર્સ પાસે,
કોઠારીયા સોલવન્ટ
ગોંડલ રોડ – રાજકોટ
મો: ૯૮૨૫૧ ૭૭૫૯૦

6 D

વિષય :–એનઆરજીપી માથી એલટીએમડીમાં સીક્યોરીટી ડિપોઝીટ સુધારવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૫–૦૯–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :પર/કવા–૦૨/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : પર/કવા–૦૨/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૨૫–૦૯–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: ભગવાનજીભાઈ ડી. સીધવ, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર ભગવાનજીભાઈ ડી. સીધવ હાજર રહેલ છે.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)

રજુઆત કરનાર :એચ.બી.પરમાર – કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ

## : હુકમ :

ફરીયાદ : એનઆરજીપી માથી એલટીએમડીમાં સીક્યોરીટી ડિપોઝીટ સુધારવા બાબત

**મુદદા નં.–૧ :** પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ૧૪ કીવો ના એનઆરજીપી જોડાણ – ૩૪૫૧૩/૨૮૨૧૫/0 મા અગાઉ થી જ સીક્યોરીટી ડિપોઝીટ હોવા છતા – તેઓના સદર જોડાણ ને માથી એનઆરજીપી માથી એલટીએમડી જોડાણ માં ફેરવવા માટે રૂ.૧૧,૮૯૭/– નુ ભાવપત્રક અપાયેલ છે, જે ખરેખર અયોગ્ય છે. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ :** પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી દ્વારા વાવડી અર્બન સબ ડીવીઝન માં ગ્રાહક નંબર-૩૪૫૧૩-૨૮૨૧૫-0 NRGP -14 KW ના કનેક્શનમાં LTMD ટેરીફ કરવા નિયમાનુસાર તા.૨૭.૦૮.૨૦૧૮ના રોજ અરજી આપેલ જેથી આગળ ની કાર્યવાહી સારૂં સબ ડીવીઝન દ્વારા SR NO.11163549 થી ગ્રાહકશ્રી ને તા.૦૪.૦૯.૨૦૧૮ ના રોજ પત્ર નંબર-૭૫૯૧ થી રૂ.૧૧૯૯૭ નું અંદાજપત્ર ઇસ્યુ કરવામાં આવેલ હતું.<br>સદર અંદાજપત્ર NRGP to LTMD ટેરીફ ચેન્જ CRM સીસ્ટમ થી જનરેટ થયેલ છે જેમાં જેમાં ગ્રાહક દ્વારા જૂની ભરેલ ડીપોઝીટ મજરે લીધેલ છે ડીપોઝીટ અંગે કંપનીના વખતોવખત થતા સુધારા મુજબ રીવાઇઝડ થતી ડીપોઝીટ GERC ના સપ્લાય કોડ તથા સિક્યોરીટી ડીપોઝીટ એક્ટ-૨૦૦૫ મુજબ યોગ્ય છે. પ્રવર્તમાન નિયમાનુસાર 14 KW LTMD ટેરીફ માટે કુલ ૨૩૭૩૪ સીક્યોરીટી ડીપોઝીટ થવી જોઇએ જેમાં ગ્રાહક દ્વારા ૧૧૮૩૭ રીલીઝ સમયે ની જમા હોય તફાવત ની રકમ રૂ.૧૧૮૯૭ તથા એગ્રીમેન્ટ ના રૂ.૧૦૦ કુલ ૧૧૯૯૭ નું અંદાજપત્ર આપેલ છે. જે ગ્રાહકને ભરવાપાત્ર છે. |

**મુદદા નં.–૩ :** : નિષ્કર્ષ :

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| <u>૩.૧</u> | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી વાવડી અર્બન સબ ડીવીઝન માં ગ્રાહક નંબર-૩૪૫૧૩/૨૮૨૧૫/0 NRGP -14 KW નુ વીજજોડાણ ધરાવે છે. સદર વીજ કનેક્શનમાં અરજદારશ્રી દ્વારા LTMD ટેરીફ કરવા નિયમાનુસાર તા. ૨૭.૦૮.૨૦૧૮ના રોજ અરજી આપેલ જે અનુસંધાને ગ્રાહકશ્રી ને તા.૦૪.૦૯.૨૦૧૮ ના રોજ પત્ર નંબર-૭૫૯૧ થી પ્રવર્તમાન નિયમાનુસાર 14 KW LTMD ટેરીફ માટે કુલ ૨૩૭૩૪ સીક્યોરીટી ડીપોઝીટ થવી જોઈએ જેમાં ગ્રાહક દ્વારા ૧૧૮૩૭ રીલીઝ સમયે ની જમા હોય તફાવત ની રકમ રૂ.૧૧૮૯૭ તથા એગ્રીમેન્ટ ના રૂ.૧૦૦ કુલ ૧૧૯૯૭ નું અંદાજપત્ર આપેલ છે. જે નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૮/૨૦૦૫ ના મુદદા નં. ૪.૫ મા કરાયેલ જોગવાઈ મુજબ– ટેરીફ ચેન્જ અન્વયે અપાયેલ સદર ભાવપત્રક નિયમાધીન છે, તેમ –સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

<u>મુદદા નં.–૪ :</u> <u>હુકમ</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.